## જીલ્લા પોલીસ બેડામાં સન્નાટો

# કોલેજ પાસેથી તોડ કરનાર બંને પોલીસ જવાનો સસ્પેન્ડ

### એસ.પી.એ ડીવાયએસપીને ઈન્કવાયરી આપી : પ્રાથમિક તપાસનો રિપોર્ટ ડીવાયએસપીએ રજુ કર્યો ને એસ.પી.એ તાત્કાલીક અસરથી બંનેને સસ્પેન્ડ કરી નાખ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરની સે. ૧૫ સ્થિત સરકારી કોલેજના મેદાનમાં યુવતીને ગાડીમાં બેસાડીને બેઠેલા એક યુવાનને દમ મારીને સે. ૭ પોલીસ સ્ટેશનની પીસીઆર લઈને આવેલા બે જવાનોએ તોડ કર્યો હતો. આ ઘટના સંદર્ભે ગાંધીનગર એસ.પી.એ ડીવાયએસપીને તપાસ સોંપી છે અને ડીવાયએસપીએ પ્રાથમિક તપાસ અહેવાલ એસ.પી.ને સબમીટ કરતાની સાથે જ તાત્કાલિક અસરથી બંને તોડબાજ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરતો હૂકમ જારી કર્યો છે બે તોડબાજ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યાના સમાચારથી જિલ્લા પોલીસમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે.

સેક્ટર-૧૫ની કોલેજમાંથી યુવાનને યુવતી સાથે ગાડીમાં બેસીને ગુફ્તેગુ કરતા પકડીને સે. ૭ પોલીસમથકની પીસીઆરમાં આવેલા બે જવાનોએ દમ માર્યો હતો. ગાડીના ફોટા પાડીને મીડીયામાં છપાવી દેવાની ધમકી આપી પીએસઆઈ સાહેબને બોલાવવાની 'હુલ' આપી રૂ. ૨૫ હજાર માંગ્યા હતા. છેલ્લે રૂ. ૧૫ હજાર નક્કી થયા પરંતુ યુવાન પાસે ખિસ્સામાં માત્ર બે હજાર જ હતા. પોલીસ જવાનોએ એટીએમમાંથી રૂપિયા ઉપાડીને આપવાની સલાહ આપી અને યુવાનનો મોબાઈલ લઈ લીધો હતો. યુવાન સાથે પીસીઆર લઈને પોલીસ તેની ગાડી પાછળ સે. ૧૩ મહાત્મા મંદિર પાસે સ્થિત એસબીઆઈના એટીએમ પાસે પણ ગઈ હતી. જો કે રૂપિયા એટીએમ કાર્ડ બ્લોક બતાવતા નિકળ્યા ન હતા. જેને પગલે યુવાને સિક્યુરીટી ગાર્ડના મોબાઈલથી તેના સંબંધીને ફોન કરીને રૂપિયા મંગાવ્યા હતા. આ સમગ્ર લોકેશન અને સીસીટીવી કેમેરા ઉપરાંત પીસીઆર વાનના જીપીએસ લોકેશન મેળવી તપાસનીસ અધિકારી ડીવાયએસપી વિજય પટેલે તપાસ તેજ બનાવી. પ્રાથમિક તપાસ અહેવાલ ડીવાયએસપીએ સાંજે એસપીને સબમટી કરતા અખબારમાં છપાયેલા આ સમાચાર સત્ય હોવાનું સ્વિકારી બંને તોડબાજ જવાનોને સસ્પેન્ડ કર્યા છે. કોન્સ્ટેબલ ગીરીશકુમાર નારણભાઈ અને લોકરક્ષક કેતન પ્રતાપભાઈ ચૌધરી બંનેને એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે રીપોર્ટ મળતા જ સાંજે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરતો ઓર્ડર જારી કર્યો છે. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવના જણાવ્યામુજબ આ પ્રકારની તોડબાજી ગાંધીનગર પોલીસનું નામ બદનામ કરી રહી છે. તોડબાજ અન્ય જવાનો માટે પણ આ બાબત લાલ બત્તી સમાન છે. આ કિસ્સામાં બંને પોલીસ સામે એસીબી અંતર્ગત કેસ કરવા સુધીની કાર્યવાહી થાય તો નવાઈ નહી..!

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સોલ્યુશન છે... દારૂવાળાને પકડવા એમને, નેતા બનાવી દો... પાછા આવી જશે અને તડીપાર કરવાના છે એમને બેંક લોન આપી દો...!!

## દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા વૃક્ષારોપણ કરાયું

દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા ગાંધીનગરની હેડ ઓફીસ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેન્કના ચેરમેન બી.એસ.લુથરા, જનરલ મેનેજર રાકેશભાઈ ચલવરીયા, રિજીયોનલ મેનેજર એચ.એલ. બેરવા તથા તમામ સ્ટાફ મિત્રો દ્વારા વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

# ગુંજ ફાઉન્ડેશનના યુવાનોએ બાળકોને વ્યસનામુક્ત રહેવા પ્રેરિત કર્યા

### સેક્ટર-૧૬ની પ્રાથમિક શાળામાં બાળકોને વ્યસનથી થતા નુકશાન અંગે માહિતગાર કર્યા : જીવનમાં વ્યસનમુક્ત રહેતા સપથ લેવડાવ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ગુંજ ફાઉન્ડેશન દ્વારા સેક્ટર-૧૬ની પ્રાથમિક શાળામાં બાળકોને વ્યસનથી થતા નુકશાન અંગે માહિતગાર કરી જીવનમાં વ્યસનથી દૂર રહેવા પ્રેરિત કરવાનો અનોખો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ સાથે યુવાનોએ બાળકોને વ્યસન નહી કરવાના શપથ લેવડાવ્યા હતા તથા તેમની સાથે વિવિધ રમતો રમી બાળકોને આનંદ કરાવ્યો હતો.

તમાકુથી મોં ના કેન્સર, ટીબી જેવા ભયાનક રોગો થાય છે. દરેક વ્યસન શરીરને ભયંકર નુકશાન પહોંચાડે છે. બાળકોને કાચી ઉંમરથી જ વ્યસનના ગેરલાભો અંગે જાગૃત કરવાનું કાર્ય ગુંજ ફાઉન્ડેશનના યુવા સભ્યોએ હાથ ધર્યુ હતુ. આ માટે તેમણે વિવિધ પોસ્ટર સહિત પ્રેરક પ્રવચનનો સહારો લઈ બાળકોને વ્યસનના દૂષણથી વાકેફ કર્યા હતા. આ પ્રસંગે જાણીતા સામાજીક અગ્રણી વિદ્યાલાયબ્રેરીના પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને જીવનમાં ભણતરનું શું મહત્વ છે તે સમજાવ્યું હતુ. આ સાથે તેમણે બાળકોને વ્યસનથી કદી કોઈનું ભલુ થયુ નથી તે અંગે વિસ્તૃત માહિતી આપી સારા સુખમય અને તંદુરસ્ત જીવન જીવવા પ્રેરિત કર્યા હતા.



ગુંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણાએ બાળકોને 'હું જીવનમાં કદીયે વ્યસન નહી કરૂ અને કોઈને કરવા દઈશ નહી વ્યસનથી થતા ગેરફાયદા અંગે અન્યોને પણ જાણકારી આપી જાગૃત કરીશ.' વ્યસનથી માનવ શરીરને ખૂબ નુકશાન થાય છે તે સંદેશ વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચાડીશ તે પ્રમાણેના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ગુંજ ફાઉન્ડેશનના યુવા સભ્યોએ બાળકોને વિવિધ રમતો રમાડી તેમની સાથે આનંદમય સમય વિતાવ્યો હતો. યુવાનોએ બાળકોને બિસ્કીટના પેકેટનું વિતરણ કર્યુ હતુ. કાર્યક્રમના અંતમાં સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અરૂણભાઈ પટેલ તથા શિક્ષકગણે ગુંજ ફાઉન્ડેશનના સભ્યો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૯ જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમા નિમિત્તે સવારે ૬.૦૦ કલાકે સેકટર-૧૧, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સુદર્શન ક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે ૬.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે સત્સંગ સંસ્થાના પરિવારજનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં ગાન, જ્ઞાન અને ધ્યાન દ્વારા અલૌકિક અનુભૂતિ અર્થે ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી થવા આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારે જણાવ્યું છે.

# પાલજ એરફોર્સ કોલોનીમાં ૭૪ જગ્યાએથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા

### તંત્ર દ્વારા કન્સ્ટ્રકશન સાઈટના સંચાલકને નિષ્કાળજી દાખવવા બદલ નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલ પાલજ ગામમાં એરફોર્સ સ્ટેશનની વસાહતમાં ચાલી રહેલ કન્સ્ટ્રકશન સાઈટમાં આજે જિલ્લા મેલેરીયા તંત્રની એક ટીમ ત્રાટકી હતી અને ૧૬ બ્લોકમાં ૨૪૮ થી વધુ સ્થાનોની ચકાસણી દરમ્યાન ૭૪ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં મળી આવતાં દધિચી કન્સ્ટ્રકશનના સંચાલકોને નોટીસ ફટકારવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા મેલેરિયા તંત્રએ ૧૫૦થી વધુ પણ કન્સ્ટ્રકશન સાઈટોને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટેના પગલાં લેવા પહેલાં પત્ર પાઠવ્યો હતો. આ પછી વારંવાર સાઈટ ઈન્સ્પેકશનો કરી કામગીરી કરવા માટેનું જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

આજે તંત્રની ટીમે આ કન્સ્ટ્રકશન સાઈટ પર ત્રાટકી હતી જ્યાં તેણે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ૧૬ બ્લોકના ૨૮૪ જેટલા સ્થાનો પર ઉનાવા પ્રા.આ. કેન્દ્રની અને જિલ્લાની ટીમે ચકાસણી કરતાં ૭૪થી વધુ સ્થાનો પરથી મચ્છરોના મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમે તાબડતોબ નોટીસ આપી ત્યાં ને ત્યાં જ ટીમના માર્ગદર્શન નીચે એન્ટી લારવેલની કામગીરી કન્સ્ટ્રકશન સાઈટના સંચાલોકએ કરી હતી. જો કે તંત્રએ નિષ્કાળજી દાખવવા બદલ ત્યાં જ નોટીસ ફટકારી હતી.

જિલ્લા મેલેરિયા તંત્રએ અત્યાર સુધીમાં અર્ધો ડઝન જેટલી કન્સ્ટ્રકશન સાઈટોને નોટીસ આપી છે. હવે પછી તંત્ર આગામી દિવસોમાં કન્સ્ટ્રકશન સાઈટો પરથી જો પગલાં નહિ લેવાયા હોય તો સાઈટ સીલ કરવા સુધીના પગલાં ભરશે તેમ જાણવા મળેલ છે.

# સે-૨૨ના છ કક્ષાના સરકારી આવાસની દિવાલોમાંથી પાણી નિતરતા રહીશો તોબા

### આવાસની છતમાંથી પણ પોપડા ખરતા રહીશોના જીવ પડીકે બંધાયા

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સરકારી આવાસોમાં પોપડા ખરવાના કિસ્સાઓ હતુ જયારે મકાનની દિવાલોમાં પણ ભેજ ઉતર્યો હોવાની ફરિયાદો ઉઠતા રહીશોએ રહેવુ મુશ્કેલ બન્યુ છે. ભરાવો અટકાવવા માટે સફાઈ કરવામાં આવી હતી. પરંતુ આવાસોમાં હજુ ભેજની સમસ્યા દિવાલોમાંથી પણ પાણી ટપકે છે. ઈન્કવાયરી કચેરીમાં ફરિયાદ કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.





અવારનવાર પ્રકાશમાં આવે છે. ત્યારે ચોમાસા દરમિયાન વરસાદના દિવસોમાં આવાસોની છતમાંથી અનેકવાર પોપડા ખરતા રહીશોના જીવ પડીકે બંધાય છે. સે-૨૨ ના સરકારી આવાસમાં ગઈકાલે જ પોપડુ પડતા રહીશો ગભરાઈ ગયા હતા. સેકટરના છ કેટેગરીના બ્લોક નં ૧૦૭:૫ માં ગઈકાલે પોપડુ ખર્યુ

શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં વારંવાર છતમાંથી પોપડુ ખરતુ હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. સેકટરોમાં સ્થિત સરકારી આવાસોની છતમાં ગાબડુ પડવાના લીધે રહીશોને અગાઉ ઈજા પહોંચી હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. ચોમાસા પુર્વે નગરના સરકારી આવાસોના ધાબે પાણીનો યથાવત છે. સરકારી મકાનોની દિવાલમાંથી પાણી નિતરતા રહીશોએ રહેવુ મુશ્કેલ થયુ છે. સે-૨૨માં પણ છ કેટેગરીના બ્લોક નં ૧૦૭:૫ માં આવાસમાં બારણાંની ઉપરના ભાગે પોપડુ ખર્યુ હતુ. જયારે મકાનની દિવલોમાં પણ સતત ભેજ ઉતરતા રહીશો માટે દયાજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. મકાનની ચોમાસામાં વરસાદી દિવસો દરમિયાન આવાસોમાં નાની મોટી અનેક ફરિયાદો રહીશો માટે માથાના દુખાવા રૂપ બની છે. સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં નાગરિકોની ફરિયાદ સાંભળનાર કોઈ નથી. રહીશોની ફરિયાદનુ નિરાકરણ આવતુ નથી. આવાસમાં રહેતા વસાહતીઓમાં આક્રોશ પ્રવર્તયો છે.

# ગરીબોની કહેવાતી હોસ્પિટલમાં હાર્ટની મોંઘીદાટ દવાઓ દર્દીઓ બહારથી ખરીદવા મજબુર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર અને જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સમાન ગણાતી શહેરની હોસ્પિટલમાં છેલ્લા દસ દિવસથી હાર્ટના દર્દીઓને અતિ ઉપયોગી થતી દવા હાજર સમયે સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે ઝાડા-ઉલ્ટીના કેસમાં ઓઆરએસ પાણીમાં ઓગાળીને પીવા માટે દર્દીને કલોપીડાગ્રેસનો સ્ટોક હાજર સ્ટોકમાં નથી જેને પગલે અન્ય ઈકોસ્પોરીન દવા દર્દીઓને આપવામાં આવે છે. હોસ્પિટલના મેડીકલ સ્ટોરમાં ખત્મ થઈ ગયેલી દવાના લીસ્ટ તૈયાર કરી જીએમએસસીએલને





સ્ટોકમાં નથી. દર્દીઓ મોંઘીદાટ દવાઓ બહારથી ખરીદવા મજબુર બન્યા છે. હાર્ટને લગતી દવાઓ સરકારી હોસ્પિટલમાં ઝડપી ઉપલ્બધ થાય તેવુ લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. ઝાડા-ઉલ્ટી, તાવ, શરદી-ખાંસી, મેલેરીયા, ટાઈફોઈડ, કોલેરાના કેસો નોંધાઈ રહ્યા છે. અત્યારે હાલના આપવામાં આવે છે.જેથી તેને સારવારમાં રાહત મળે, પરંતુ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધુ હોવા છતા ઓઆરએસના પાઉચ છેલ્લા ૧૦ દિવસથી ખત્મ થઈ ગયા છે. ઝાડા-ઉલ્ટીના દર્દી વધુ આ સિઝનમાં હોય છે તેવી પરિસ્થિતમાં દર્દીઓને ઓઆરએસના પાઉચ પણ બહારથી ખરીદવા પડે છે. તો બીજીતરફ હાર્ટના દર્દીઓને બ્લડ પાતળુ કરવા માટે આપવામાં આવતી મોકલી આપવામાં આવ્યું છે. ટુંક સમયમાં જીએમએસસીએલના નરોડા ખાતે આવેલા ડેપોમાંથી દવાનો જથ્થો પુરો પાડવામાં આવશે. પરંતુ દર્દીઓ માટે આશીર્વાદ સમાન ગણાતી ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં હાર્ટના દર્દીને લગતી તેમજ ઝાડા-ઉલ્ટીના દર્દીને ઉપયોગી ઓઆરએસ પાઉચ ખલાસ થઈ જતા દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ દ્વારા નિવૃત્ત કર્મચારીઓનો સત્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર, પેથાપુર અને વાવોલ મુકામે વસતા સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજના વર્ષ ૧૫-૧૬માં સરકારી સેવામાંથી વય નિવૃત્ત થયેલા કર્મચારીઓ અને અધિકારીઓનો સત્કાર સમારંભ ૧૭ જુલાઈને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સે-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાશે. સમાજના આ સત્કાર સમારંભના અધ્યક્ષ સ્થાને સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી રમણલાલ વોરા, મુખ્ય મહેમાનપદે ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ રમેશભાઈ સોલંકી, ગુજરાત અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ પ્રવિણભાઈ પંડ્યા વિગેરે ઉપસ્થિત રહેશે.આ પ્રસંગે સમાજના સર્વેસ્નેહજનોને હાજર રહેવા પ્રમુખ એચ.કે. રાઠોડે જણાવ્યું છે.

# શટલીયા રીક્ષાની અડફેટે સ્કૂટરચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના ગ-૩ સર્કલથી ઘ-૩ સર્કલ વચ્ચે ગઈ મોડી સાંજે સ્કૂટરને બેફામ જતી શટલીયા રિક્ષાએ ટક્કર મારતા સ્કૂટર ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સ્કૂટરચાલકને ઘાયલ હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. સેક્ટર-૭ પોલીસે આ મામલે મૃતકના ભાઈની ફરીયાદને આધારે રિક્ષાચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૬-બી નાં કાચા છાપરા વિસ્તારમાં રહેતા પોપટજી શીવાજી ઠાકોર ગઈકાલે મોડી સાંજે પોતાનું સ્કૂટર લઈને સેક્ટર-૬માંથી સેક્ટર-૧૨ તરફ જતા માર્ગ પર ગ-૩ થી ઘ-૩ વચ્ચેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન શટલીયા રીક્ષા લઈને નીકળેલા વાવોલના વિજય પટેલે ટક્કર મારતા સ્કૂટર ફંગોળાઈને ઢસડાયુ હતુ. તેની સાથે પોપટજી ઠાકોર પણ ગંભીર રીતે ઘવાયા હતા. તાત્કાલિક ગંભીર હાલતમાં તેમને ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે ત્યાં સારવાર દરમ્યાન તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ મામલે મૃતકના ભાઈ નેવાજી ઠાકોરે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપતા જમાદાર દશરથજીએ રિક્ષાચાલક સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.



## ખૂણે ખાંચરેથી...

● કાસમબાપુના દુઃખદ અવસાનને લઈ આજે જિલ્લા કોંગ્રેસ પક્ષમાં શોકનું વાતાવરણ પ્રસરી જવા પામ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં આજે વરસાદ થતાં જ ઘણા બધા સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા.

● શહેરમાં આજકાલ ચામડીના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● ચિલોડા-નરોડા હાઈવે પર માર્ગ અકસ્માતમાં નીલગાયનું મોત થયું છે.

● આગામી દિવસોમાં ખેતગણનાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લાનું વહીવટીતંત્ર આજે આખો દિવસ જુદી જુદી બેઠકોમાં વ્યસ્ત રહ્યુ હતુ.

● ઓપન ડેફીનેશન ફ્રી વિલેજ બનાવવા માટે આજે આખો દિવસનો એક સેમિનાર ગ્રામ વિકાસ એજન્સી દ્વારા યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના આઈ.સી.ડી.એસ. અધિકારી છાયાબેન ઉપાધ્યાય આગામી સપ્તાહે તાલિમમાં જઈ રહ્યા છે.

## જાહેરનામા ભંગ બદલ બે મકાનમાલીકો સામે ગુના દાખલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક ભાઈજીપુરા પાટીયા પાસે સ્થિત શ્યામશુકન ફ્લેટમાં પોલીસે દરોડા પાડી ભાડુઆત અંગે ચેકીંગ કર્યું હતું. બે મકાનોમાં ભાડુઆત રહેતા હતા તેમની સ્થાનિક પોલીસ મથકમાં જાણ કરવામાં આવી ન હોવાનું ધ્યાને આવતા બંને મકાનના માલીકો સામે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે. નવી મુંબઈ રહેતા સંજય વોકલ અને નરોડા રહેતા અંબાલાલ પારજીયા સામે ગુનો દાખલ થયો છે. તે ઉપરાંત રાંદેસણ ગામની સીમમાં આવેલી વિરાટ ફાસ્ટફુડમાં સીસીટીવી કેમેરા ન હોવાનું ચેકીંગમાં ધ્યાને આવતા હોટલમાલીક ચેતન પંચાલ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી આરંભી છે. ઈન્ફોસીટી પોલીસમથકમાં ત્રણેય સામે જાહેરનામા ભંગ અંગે ગુનો નોંધાવા પામ્યો છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની ગાર્ડનની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના નાના ભુલકાંઓએ સેક્ટર-૨૮ના ગાર્ડનની મુલાકાત લીધી હતી. જેમાં નાના ભુલકાઓને ગાર્ડનમાં વિવિધ પ્રકારના વૃક્ષો વિશેની માહિતી આપવામાં આવી હતી. ઝાડ આપણને કઈ રીતે ઉપયોગી છે, ઝાડનું આપણા જીવનમાં શું મહત્વ રહેલું છે વગેરે માહિતી આપી હતી. તે દ્વારા ઈકો ફ્રેન્ડલીનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની રાઈડનો આનંદ માણ્યો હતો. તથા બાળકો સાથે શિક્ષિકાઓ પણ બાળક જેવા બનીને બાળકોનું મનોરંજન કર્યું હતું.

ખારેક
ખેડૂતો દ્વારા કચ્છની દેશી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.
કૃષિભવનની અંદર
સેક્ટર-૧૦, ગાંધીનગર
મો. ૯૪૦૮૪ ૪૩૭૧૦